ગરો' 'ગરોડા' શબ્દના સ્થાને "ગુરૂ બ્રાહ્મણ" શબ્દ
પ્રયોજવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંક: અહલ-૧૨૨૦૧૩-૭૧૪૩૦૮-હ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૭/૦૨/૨૦૧૭

વંચાણે લીધો:

૧. સમાજ કલ્યાણ વિભાગનો તા. ૧૫/૬/૧૯૯૮નો ઠરાવ ક્રમાંક:-પરચ/૧૦૯૬/૧૦૭૯/હ

૨. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૨/૦૨/૨૦૧૭નો પરિપત્ર ક્રમાંક: અહલ-૧૨૨૦૧૩-૭૧૪૩૦૮-હ,

પરિપત્ર: (સુધારો)

ભારત સરકારે સન ૧૯૭૬ ના અધિનિયમથી દરેક રાજય તથા સંઘ પ્રદેશ માટે અનુસૂચિત જાતિ તેમજ અનુસૂચિત જનજાતિની યાદી બહાર પાડેલ છે, જે પૈકી અનુસૂચિત જાતિની યાદીના ક્રમાંક ૧૧ પર "ગરોડા" "ગરો" જાતિનો ઉલ્લેખ કરવામાં આવેલ છે, ઉપર્યુકત વંચાણે લીધેલ આ વિભાગના તારીખ ૨/૨/૨૦૧૭ ના પરિપત્રથી આ જાતિના લોકોને બોલચાલ/વ્યવહારની ભાષામાં "ગુરૂ બ્રાહ્મણ" તરીકે ઓળખવામાં /સંબોધન કરવામાં આવે તે મુજબની સૂચનાઓ બહાર પાડવામાં આવી છે.

આ બાબતે સરકારશ્રી વધુ સ્પષ્ટતા કરતાં જણાવે છે, કે ઉપર્યુકત વંચાણે લીધેલ તારીખ ૧૫/૬/૧૯૯૮ ના ઠરાવમાં નકકી કર્યા મુજબ જે ઇસમો મૂળ "ગરોડા" કે "ગરો" જાતિના હોય પરંતુ પોતાને "હિન્દુ ગરોડા બ્રાહ્મણ" તરીકે ઓળખાવતા હોય તેમજ શાળા છોડયાના પ્રમાણપત્રમાં અગર તો અન્ય કોઇ રેવન્યુ રેકર્ડમાં "હિન્દુ ગરોડા બ્રાહ્મણ" તરીકે લખાવતા હોય/ઉલ્લેખ થયેલ હોય તો તેવા ઇસમોને પણ અનુસૂચિત જાતિનું પ્રમાણપત્ર આપવું તેવા હુકમો થયેલા હતા જ તેથી તે બાબતને ધ્યાને લઇ કાળજી પૂર્વકની વિચારણા બાદ સરકારશ્રી દ્વારા હવે ઉપર્યુકત તારીખ ૨/૨/૨૦૧૭ ના પરિપત્રમાં સુધારો કરી "ગુરૂ"બ્રાહ્મણ" ને બદલે "ગુરૂ બ્રાહ્મણ અનુસૂચિત જાતિ" તરીકે ઓળખવા /સંબોધવા અને "ગુરૂ બ્રાહ્મણ અનુસૂચિત જાતિ " તરીકે ઓળખાતા ઇસમોને પણ અનુસૂચિત જાતિનુ પ્રમાણપત્ર આપવાનું આથી નકકી કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

*માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન,ગાંધીનગર.

માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
માન.સર્વેમંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/ સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ
*સાચિવશ્રી,ગુજરાત તકેદારી અયોગ,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
*સચિવશ્રી,ગુજરાત જાહેર સેવા આયોગ,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
*સચિવશ્રી,ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર.
*સચિવશ્રી,ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,ગુજરાત રાજ્ય,અમદાવાદ.